વર્ષ ૪૨, જુલાઈ-૨૦૧૧, અંક-૭, આજીવન લવાજમ રૂા. ૨૦૦/-

સંસ્કાર દીપ

 પ.પૂ.ગુરુવર્ય શાસ્ત્રીજી
મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
તથા
વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય
સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

: આશીર્વાદ :
અખંડ ભગવદ્ પરાયણ પ.પૂ. શ્રી જોગીસ્વામી
: અધ્યક્ષ :
પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
: પ્રેરણા :
પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
મુદ્રક : સુર્યા ઓફસેટ, આંબલી, અમદાવાદ-૫૮

: તંત્રી :
શ્રી લક્ષ્મણભાઈ આદ્રોજા
: સંપાદક :
શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
: કલા સંયોજન :
ગોવિંદ જી. બાંટવા

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
વિદ્યાર્થી સંઘ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨
સંપર્ક : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧
૯૮૨૫૨૧૦૦૩૮, ૯૮૨૫૩૧૫૦૩૦
www.swaminarayangurukul.org
E-mail :sgvpgurukul@gmail.com

પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની અમૃતવાણી

- 'કહત હૈ સંત સુજાન' માંથી

- માનવ અને પશુમાં તફાવત માત્ર ધર્મથી છે. માનવીની ક્રિયાઓ વિવેક સહિત હોય છે અને પશુની ક્રિયાઓ વિવેક શૂન્ય હોય છે. મનુષ્ય જેટલો વિવેક, વિનય છોડે એટલો એ પશુ ગણાય. માનવ-જીવન ધર્મપ્રધાન છે.વિષયપ્રધાન નથી; કારણ કે માનવ કરતાં પણ પશુયોનિમાં વિષયસુખો વિશેષ રહેલા છે અને તે એને વિના પરિશ્રમે સહેજે પ્રાપ્ત થાય છે. ધર્મથી માનવ મહાન બને છે.
- 'भोगा न भुक्ता वयमेव भुक्ता' ભોગોને ભોગવવા જતા આપણું જીવન ભરખાઈ જાય છે, છતાં પણ ભોગ ભોગવવાની તૃષ્ણા ટળતી નથી. જગતના અવનવા વિષય વૈભવોને ભોગવીને મનને તૃપ્ત કરી લેવામાં રાચનારાઓ ભૂલા પડ્યા છે. વિષયથી વિરામ પામવાનો એ રાહ નથી, એમાં તો સરિયામ નિષ્ફળતા જ છે. વિષયોથી મુક્ત થવાનો સાચો રાહ તો તેમાંથી આસક્તિ છોડી, સંયમ કેળવી પ્રભુની આજ્ઞામાં વર્તવું એ છે.
- ભગવાનના આશ્રિત થયા પછી કંઈ દુઃખ આવે તો વિચાર કરવો કે મારી કંઈક ભૂલ થઈ હશે.શ્રીજીની આજ્ઞાનો ભંગ થયો હશે. નહીંતર ભક્તને દુઃખ હોય જ નહી. પ્રભુ ખરા અંતરથી પ્રાર્થના કરવી અને ફરી ભૂલ ન થાય એની સાવચેતી રાખવી. विषये विरक्ति हरौ रतिः । વિષયથી વૈરાગ્ય અને ભગવાનમાં પ્રીતિ એ જ કરવાનું છે.
- ભગવાન અને સંતોના યોગમાં આવી ગયેલા માણસે અંતરમાં શુભ સંકલ્પો કરવા અને જેમ ભગવાન અને સંતો રાજી થાય તેમ મચી પડવું.
- સત્સંગના માર્ગમાં ચાલતા પોતાનું મન – ઈન્દ્રિયો અને સ્વભાવ જ ગરબડ ઉભી કરે છે.એ મન-ઈન્દ્રિયોને સત્સંગ સેવામાં લગાડીને સ્વભાવ સુધારવાનો સતત પ્રયત્ન કરવો.
- મન છે તે માંકડા જેવું છે. વાંદરુ ઘડીવાર સ્થિર ન થાય તેમ મન ક્ષણવાર પણ સ્થિર રહેતું નથી; એને વશ કરવા મદારી જેવી કળા શીખવી પડે. મદારી માંકડાને મારીને, સમજાવીને, ખવડાવીને પોતાની ઈચ્છા પ્રમાણે નાચતું કરે છે તેમ આ મનરુપી માંકડાને કેળવતા શીખવું.
- ધર્મ પાલનમાં વિવેક ચૂકે તો વેદિયા બની જાય, જ્ઞાન પ્રાપ્તિમાં વિવેક ન જાળવે તો શુષ્કતા આવી જાય, વૈરાગ્ય રાખતા વિવેક ભૂલાય તો જડતા પ્રવેશી જાય અને ભક્તિમાં વિવેકહીનતા વેવલાઈ ઉભી કરે છે. માટે વિવેકથી જ બધા ગુણો શોભે છે. યોગ્ય સમયે સમજી વિચારીને યોગ્ય રીતે વર્તન કરવું તેનું નામ વિવેક છે.
- આ ભવ્ય સંસારમાં અનેક પ્રકારના દાવાનળ સળગે છે. જે માણસ ક્યારેય અફીણ ન ખાતો હોય તેને અડધા રુપિયાભાર અફીણ ખવરાવે તો તે મરી જાય, પરંતુ જે હરેડ બંધાણી હોય તે તો એક રુપિયાભાર લઈ લે અને કોટામાં આવી જાય; કારણ કે તેને કોઠે પડી ગયું છે. તેમ આ દાવાનળરૂપ સંસારના હથોડા ખાતા ખાતા એવા કોઠે પડી ગયા છે કે આ જગતમાં દુઃખ દેખાતા નથી.
- પોતાના ઘરના છોકરા અપમાન કરે, પોતાની બૈરી અપમાન કરે તો તે જ્ઞાનમાર્ગે ઉડાડી નાખે છે, એમાં તો ડાહ્યા થઈને ડહાપણ દાખવે; પરંતુ કોઈક ભગવાનના ભક્તે કોઈક વચન કહ્યું હોય તો તેની ગાંઠ્ય વાળી રાખે. આ જીવનું અજ્ઞાન છે.
- કથા છે તે અમૃત છે. અમૃત પીવે એટલે મરણ તો મટી જવું જોઈએ.જો મરણ નથી મટતું, તો તેણે કથાનું પાન કર્યું જ નથી.

- જીવ પ્રાણીમાત્રની એવી દૃષ્ટિ છે કે બીજાની ભૂલ હજાર આંખે જુવે; પણ પોતાની પહાડ જેવી ભૂલ જોવામાં બંને આંખે આંધળા થઈ જવાય છે.
- પ્રાતઃ સ્મરણ :- ભગવાનના ભક્તને સવારમાં સંભારવા તેનો અર્થ શું ? તો ભક્ત આવા થઈ ગયા, હું આવો નથી. હે ભગવાન ! હું એવો થાઉ અને એ માટે પ્રયત્ન કરે, તે પ્રાતઃ સ્મરણ કહેવાય.
- ભગવાનના માર્ગમાં પોતાને અધૂરો જાણે તેને પ્રકાશ થાય.
- 'વિહિત ભોગ સંકોચઃ' જરુરિયાત કરતાં જેટલું ઓછું વાપરો તે તપ છે.
- સંસાર સ્કૂલ છે. આપણે જિંદગીની છેલ્લી સેકન્ડ સુધી વિદ્યાર્થી રહેવું જોઈએ.
- સંસારરુપી વૃક્ષને કાપવા અનાસક્તિરુપી કુહાડો લેવો તો જ કપાય.પછી જગતના સંકલ્પ મટી ભગવાનના થવા માંડે.
- જ્યાં ભોગબુદ્ધિ નથી ત્યાં જ મોક્ષ છે.દેહ છે, પદાર્થો છે, દેહની જરુરિયાતો પણ છે, પરંતુ બુદ્ધિની વૃત્તિમાં ફેર હોય તો બંધન શું અને મોક્ષ શું તે સમજાય. જડચેતન પદાર્થોમાં ભોગબુદ્ધિ છે; એ જ બંધન છે અને એ જ પદાર્થોમાં અનાસક્તભાવ એ જ મોક્ષ તરફનું પ્રયાણ છે.
- પોતાનું શરીર એ જ મોટો કુસંગ છે. મન માન્યા આહાર-વિહાર આ શરીર કરાવે છે. દેહ ઈન્દ્રિયોને પોષવાનું તાન છે એ જ કુસંગ છે. દેહમાંથી આસક્તિ ઓછી થાય તો સાર —અસારની ખબર પડે. વિવેક વિના સત્સંગ કે કુસંગની સમજ પડતી નથી અને જીવ સંસારમાં અથડાયા કરે છે. દેહરખો ધર્મ રાખે ત્યાં સુધી કુસંગ ઓળખાયો નથી. દેહભાવ ઓછો થાય તો સત્સંગમાં પ્રીતિ થાય.
- ગૃહસ્થ એ કૂટસ્થ છે. કૂટ એટલે એરણ; લુહાર એરણ ઉપર રાખીને લોઢાના ઘાટ ઘડે છે.એ એરણ પણ લોઢાની જ હોય છે, પરંતુ એરણનો આકાર બદલે નહિ. હથોડા અને એરણ વચ્ચે જે લોઢું આવે તેના જ આકાર બદલી જાય, તેમ ગૃહસ્થોએ સંસારામાં કૂટસ્થ ભાવે રહેતા શીખવું પડે. ઘણી બાબતોને જતી કરતા રહેવું પડે; સામાન્ય બાબતોને ગણીને ગાંઠે ન બંધાય. તનના, મનના અને સ્વભાવનાં દુઃખ સહન કરીને સ્થિર રહેવું એ જ કૂટસ્થભાવ છે.
- કોઈક આપણી નિંદા કરે તો અંતરમાં રાજી થાવું, કારણ કે તે જીભથી આપણા પાપ ધોવે છે. એ નિંદા સાચી હોય તો આપણી ભૂલ સુધરે અને નિંદા સાવ ખોટી કરતા હોય તો આપણાં પાપ ધોવાઈ જાય અને આપણે હળવા ફૂલ જેવા થઈ જઈએ.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) છારોડી ખાતે અખંડ ભગવત્ પરાયણ
પ. પૂ. જોગી સ્વામી તથા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં

ગુરુપૂર્ણિમા મહોત્સવ

તારીખ- ૧૫ જુલાઇ, ૨૦૧૧, શુક્રવાર ::: સમય- બપોરે ૪ થી ૭

-: કાર્યક્રમ :-

૧. કીર્તનભક્તિ
૨. શ્રીહરિ પાદુકા પૂજન
૩. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું પૂજન
૪. જોગીસ્વામી દર્શન-પૂજન
૫. સદ્‌ગુરુઓનું પૂજન તથા આશીર્વાદ
૬. ભોજન-પ્રસાદ

આ મંગલ અવસરે પ.પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પ. પૂ. જોગી સ્વામી, પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોનું પૂજન કરી ગુરુઋણમાંથી મુક્ત બની ધન્યભાગી બનીએ.

નોંધ :- ગુરુપૂજનમાં પધારનાર ભક્તજનોને હારતોરા આદિ પૂજન સામગ્રી સાથે લઇને આવવું.

સંસ્થા સમાચાર

વિદેશ યાત્રા - આફ્રિકા :-

ટોરોરો :-

આફ્રિકા સત્સંગ વિચરણ દરમિયાન પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી ટોરોરો પધારતાં ટોરોરો સત્સંગ સમાજે પૂ. સ્વામીજીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. પ. ભ. કેશવજી પ્રેમજી ભુડીયાના આમંત્રણને માન આપી પૂ. સ્વામીજી સંતમંડળ સાથે સિમેન્ટ ફેક્ટરીમાં આવેલાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધાર્યા હતા. અહીં સત્સંગ સભા તેમજ ઠાકરથાળીનો ઉત્સવ કરી હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

કંપાલા :-

શ્રી સ્વામિનારાયણ મંદિર, કંપાલાના પ્રમુખ શ્રી નીતિનભાઈ વેકરીયા, સેક્રેટરી શ્રી અરવિંદભાઈ, શ્રી દિનેશભાઈ વગેરે હરિભક્તોનાં આમંત્રણને માન આપી પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી કંપાલા પધાર્યા હતા. અહીં યોજાયેલ સત્સંગ સભામાં સર્વ હરિભક્તોએ પૂ. સ્વામીજીનું સ્વાગત કર્યું હતું તથા પૂ. સ્વામીજીએ **સ્વામિનારાયણ મહામંત્ર**નો અર્થ અને મહિમાની વિસ્તારથી વાતો કરી હતી. આ સત્સંગ સભામાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

નાઈરોબી :-

અ.મુ. શ્રી અબજીબાપાની છતેડી તથા નાઈરોબી કચ્છી લેઉવા પટેલ સમાજના આમંત્રણને માન આપી પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી નાઈરોબી પધાર્યા હતા. નાઈરોબી સત્સંગ સમાજ દ્વારા પંચદિનાત્મક જ્ઞાનસત્રનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનસત્રમાં પૂ. સ્વામીજીએ જીવન સુધારણ અંગે તેમજ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત ઉપર મનનીય પ્રવચનો કર્યાં હતાં. પૂ. શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરુપદાસજી સ્વામીએ પ્રેઝન્ટેશન દ્વારા વિવિધ વિષયો ઉપર સમજણ આપી હતી. શ્રી છગનભાઈ પટેલ, શ્રી હરજીભાઈ રાઘવાણી, શ્રી કુરજીભાઈ જેસાણી, શ્રી ગોપાલભાઈ વેકરીયા તથા કચ્છી લેઉવા પટેલ સમાજના અગ્રણી શ્રી રામજીભાઈ વેકરીયા, રામજીભાઈ ગામી, કે. વરસાણી તેમજ યુથ લીગના સભ્યો વગેરે ઉપસ્થિત રહી આ જ્ઞાનસત્રને સફળ બનાવ્યો હતો.

મલિન્ડી :-

મલિન્ડીના સાગર કિનારે કે. સોલ્ટના માલિક શ્રી કાનજીભાઈ વરસાણી દ્વારા માતુશ્રી પ્રેમબાઈની પ્રેરણાથી પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં ત્રિદિવસીય જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં હજારો એકરમાં પથરાયેલ મીઠાના અગરો વચ્ચે વરસાણી પરિવાર દ્વારા ભવ્ય સ્વામિનારાયણ મંદિર બાંધવામાં આવ્યું. આ મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે તથા કે. વરસાણીની પચાસમી વર્ષગાંઠ પ્રસંગે આ જ્ઞાનયજ્ઞનું આયોજન થયું હતું. આ જ્ઞાનયજ્ઞમાં પૂ. સ્વામીજીએ સત્સંગિજીવનના બીજા પ્રકરણ ઉપર ભગવાન સ્વામિનારાયણના ચરિત્રો સાથે પ્રેરણાત્મક વાતો કરી હતી. આ જ્ઞાનયજ્ઞમાં નાઈરોબી, મોમ્બાસા, ટાન્ઝાનિયા વગેરે સ્થાનોમાંથી હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ જ્ઞાનયજ્ઞના પ્રારંભે કે. વરસાણી તથા સુપુત્ર દીપકભાઈ વગેરે પરિવારજનોએ શ્રીહરિના પૂજન બાદ માતુશ્રી પ્રેમબાઈનું પૂજન કર્યું ત્યારે ઉપસ્થિત સમુદાય ભાવવિભોર થઈ ગયો હતો.

બોત્સ્વાના :-

આફ્રિકા સત્સંગ વિચરણ દરમિયાન પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી બોત્સ્વાના પધાર્યા હતા. અહીં સાત દિવસના જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનસત્ર દરમિયાન પૂ. સ્વામીજીએ રોજ જુદા જુદા વિષયો ઉપર કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ પ્રવચનો સાંભળીને ભાવિક ભક્તજનો અત્યંત આનંદિત થયા હતા અને પવિત્ર જીવન જીવવાના સંકલ્પો કર્યા હતા. આ જ્ઞાનસત્રમાં શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ, અક્ષયકુમાર, સમીરકુમાર, શ્રી અંબાલાલભાઈ બારોટ, શ્રી વિજયભાઈ નાયક, શ્રી ઉદયભાઈ પટેલ, રાજુભાઈ, કાંતિભાઈ, વિમલકુમાર, દિનેશ નાયક, મયુરકુમાર, ભરતભાઈ ગઢવી વગેરે ભાવિક ભક્તોના અથાગ પ્રયત્નથી આ પ્રસંગ શોભી ઉઠ્યો હતો.

સત્સંગ વિચરણ - રાજકોટ:-

સદ્‌ગુરુ વંદના મહોત્સવ ઉપક્રમે પ. પૂ. સદ્‌ગુરુ શ્રી શ્રીહરિદાસજી સ્વામી, શ્રી ગોપાલચરણદાસજી સ્વામી, શ્રી મુનિવત્સલદાસજી સ્વામીએ તા. ૧૦થી ૨૧ મે સુધી રાજકોટ તેમજ આજુબાજુના ગુંદાસરા, માખાવડ, પારડી, રીબડા વગેરે ગામોમાં વિચરણ કરી હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ સત્સંગ વિચરણ દરમિયાન રાજકોટના વિવિધ પરાઓ તેમજ વિવિધ ગામોમાં મંત્રલેખન અને મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

"SANSKARDIP"
R.N.I. 15104/68 Permitted to post at Ahd. PSO on 9th of every month.
Registered under Postal Reg. No. GAMC-1729/2010-2012 valid up to 31-12-2012 issued by SSP
Ahmedabad-9, Licenced to post without Prepayments No. CPMG/GJ/85/10-12/valid upto 31-12-2012

શ્રી સ્વામિનારાયણ મંદિર, કંપાલા ખાતે કથાવાર્તાનો લાભ આપતા
પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસા ખાતે બાલ-યુવા સભા સંબોધતા
પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

જોહાનીસબર્ગ (સાઉથ આફ્રિકા) એરપોર્ટ પર પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનું સ્વાગત કરતા હરિભક્તો

હેમાળ ગામ ખાતે યોજાયેલ શ્રી વિષ્ણુયાગમાં ઉપસ્થિત
પ. પૂ. પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા સંતો અને હરિભક્તો

એસજીવીપી સ્પોર્ટસ્ એકેડેમીનું ઉદ્‌ઘાટન કરતા
પ.પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામી, શ્રી વિશ્રામભાઈ તથા જયદેવ ઉનડકટ

રાજકોટ ખાતે યોજાયેલ સત્સંગ સભામાં આશીર્વાદ પાઠવતા
પ. પૂ. સદ્‌ગુરુ બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પ. પૂ. શ્રીહરિદાસજી સ્વામી

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.